|| શ્રીહરિ: ||

# || સ્તર 1 - શ્રીમદ્ભગવદ્ગીતા શુદ્ધ ઉચ્ચાર માર્ગદર્શિકા ||

**(આ માર્ગદર્શિકા પ્રાથમિક સ્તરના ભગવદ્ગીતા વિદ્યાર્થીઓ માટે બનાવવામાં આવી છે)**

## હ્રસ્વ અને દીર્ઘ ઉચ્ચાર નિયમ -

- હ્રસ્વ **અ, ઇ, ઉ, ઋ, લૃ** થી બનેલા અક્ષરોનો ઉચ્ચાર હ્રસ્વ કરવો (એક ક્ષણ નો સમય આપવો), દીર્ઘ નહિ.
- દીર્ઘ **આ, ઈ, ઊ, એ, એ, ઐ, ઓ, ઔ** અક્ષરોથી બનેલા બધા અક્ષરોનો ઉચ્ચાર દીર્ઘ કરવો (બે ક્ષણનો સમય આપવો), હ્રસ્વ નહિ.

## અનુસ્વાર અને વિસર્ગના ઉચ્ચાર નિયમ -

- અનુસ્વાર- એવો અક્ષર જે સ્વરનું અનુગમન કરે છે એટલે કે સ્વરની પાછળ આવે છે અને જેનો ઉચ્ચાર નાસિકા (નાક) થી કરવામાં આવે છે.
- અનુનાસિક- એવો અક્ષર જેનો ઉચ્ચાર મોં અને નાકથી કરવામાં આવે છે.
- અનુસ્વારનો ઉચ્ચાર, પછી આવતા અક્ષર ઉપર આધારિત છે એટલે કે તે અનુસ્વાર આગલા અક્ષર અનુસાર પરિવર્તિત થાય (બદલાય) છે.

### ક વર્ગ

- **ક્, ખ્, ગ્, ઘ્, ઙ્,** કણ્ઠ્ય અક્ષર છે જેનો ઉચ્ચાર કંઠથી થાય છે.
- આ વર્ગનો અનુનાસિક અક્ષર **'ઙ્'** છે તેથી આ વર્ગના અક્ષરોની પહેલાં આવતા અનુસ્વારનો ઉચ્ચાર **ઙ્** કરો. જેમ કે - **કંકણ (કઙ્કણ), પંખ (પઙ્ખ), ગંગા (ગઙ્ગા), સંઘ (સઙ્ઘ)**
- **'ક્ષ'** એ સંયુક્ત અક્ષર છે **(ક્+ષ=ક્ષ),** જેમાં **'ક્'** પહેલો (પ્રથમ) અક્ષર છે, તેથી **'ક્ષ'** અક્ષર પહેલાં આવતા અનુસ્વારનો ઉચ્ચાર **'ઙ્'** એવો કરવો. જેમ કે - **સંક્ષિપ્ત (સઙ્ક્ષિપ્ત)**

## ચ વર્ગ

- **ચ્ , છ્ , જ્, ઝ્, ઞ્** તાલવ્ય અક્ષર છે. તેમનો ઉચ્ચાર તાળવાથી થાય છે.
- આ વર્ગ નો અનુનાસિક અક્ષર **'ઞ્'** છે તેથી આ વર્ગના અક્ષરોના પહેલાં આવતા અનુસ્વારોનો ઉચ્ચાર **'ઞ્'** કરો. જેમ કે- **ચંચલ (ચઞ્ચલ), પંછી (પઞ્છી), પંજા (પઞ્જા), રાંઝા (રાઞ્ઝા)**
- **'જ્ઞ'** સંયુક્ત અક્ષર છે **(જ્ + ઞ = જ્ઞ)** જેમાં **'જ્'** પ્રથમ અક્ષર છે તેથી **'જ્ઞ'** ના પહેલાં આવતા અનુસ્વારનો ઉચ્ચાર **'ઞ્'** એવો થશે. જેમ કે- **ઇદં + જ્ઞાનમ્ (ઈદઞ્જ્ઞાનમ્)**

## ટ વર્ગ

- **ટ્, ઠ્, ડ્ , ઢ્, ણ્** મૂર્ધન્ય અક્ષરો છે, એમનો ઉચ્ચાર મૂર્ધાથી થાય છે.
- આ વર્ગનો અનુનાસિક **'ણ્'** છે તેથી આ વર્ગના અક્ષરોની પહેલાં આવતા અનુસ્વારનો ઉચ્ચાર **'ણ્'** કરો. જેમ કે - **ઘંટા (ઘણ્ટા), કંઠ (કણ્ઠ), પંડિત (પણ્ડિત), ષંઢ (ષણ્ઢ)**

## ત વર્ગ

- **ત્, થ્, દ્, ધ્, ન્** દન્ત્ય અક્ષરો છે એમનો ઉચ્ચાર દાંતથી થાય છે.
- આ વર્ગનો અનુનાસિક **'ન્'** છે તેથી આ વર્ગના અક્ષરોની પહેલાં આવતા અનુસ્વારનો ઉચ્ચાર **'ન્'** કરો. જેમ કે- **પંત (પન્ત), પંથ (પન્થ), કંદ (કન્દ), અંધ (અન્ધ)**
- **'ત્ર'** સંયુક્ત અક્ષર છે **(ત્ + ર = ત્ર)** જેમાં **'ત્'** પ્રથમ અક્ષર છે તેથી **'ત્'** ની પહેલાં આવતા અનુસ્વારનો ઉચ્ચાર **'ન્'** એવો થશે. જેમ કે - **તંત્ર (તન્ત્ર)**

## પ વર્ગ

- **પ્, ફ્, બ્ , ભ્ , મ્** ઓષ્ઠ્ય અક્ષરો છે એમનો ઉચ્ચાર હોઠથી થાય છે.
- આ વર્ગનો અનુનાસિક **'મ્'** છે તેથી આ વર્ગના અક્ષરોની પહેલાં આવતા અનુસ્વારોનો ઉચ્ચાર **'મ્'** કરો. જેમ કે - **ચંપા (ચમ્પા), ઈંફાલ (ઈમ્ફાલ), સંબલ (સમ્બલ), દંભ (દમ્ભ)**

## વિશિષ્ટ વર્ગ

**'ક'** થી **'પ'** સુધી ના વ્યંજનોની પહેલાં આવતા અનુસ્વારોનો ઉચ્ચાર કેવી રીતે થાય છે તે આપણે જોયું. હવે **'ય'** થી **'હ'** સુધી આવતા દરેક અક્ષરની પહેલાં આવતા અનુસ્વારનો ઉચ્ચાર કેમ થાય તે જોઇએ. ઉચ્ચારની સ્પષ્ટતા સમજમાં આવે તે હેતુથી નીચે કોષ્ઠકમાં તે અક્ષરો લખ્યા છે. ધ્યાનમાં રાખવાનું કે, હકીકતમાં આ અક્ષરો ત્યાં નથી, પણ ફક્ત અનુસ્વારના ઉચ્ચારની સ્પષ્ટતા અને પ્રાથમિક સ્તરના વિદ્યાર્થીઓને સરળતાથી સમજમાં આવે તે માટે તેમનો અહીં ઉલ્લેખ કર્યો છે.

### શબ્દની વચ્ચે અનુસ્વારયુક્ત અક્ષર પછી આવતા 'ય' થી 'હ' સુધીના ઉદાહરણ-

શબ્દની વચ્ચે આવતા **'ય'** થી **'હ'** સુધીના અક્ષરોની પહેલાં અનુસ્વાર યુક્ત અક્ષર આવે તો, અનુસ્વારનો ઉચ્ચાર અનુનાસિક **'યૺઁ', 'લૺઁ'** અથવા **'વૺઁ'** થાય છે.

- **ય** - સંયમ [સં(યૺઁ)યમ], સંયોગિતા [સં(યૺઁ)યોગિતા], સંયુક્ત [સં(યૺઁ)યુક્ત]
- **લ** - સંલગ્ન [સં(લૺઁ)લગ્ન], સંલાપ [સં(લૺઁ)લાપ]
- **વ** - સંવાદ [સં(વૺઁ)વાદ], સંવર્ધન [સં(વૺઁ)વર્ધન], સંવેદના [સં(વૺઁ)વેદના]
- **ર** - સંરચના [સં(વૺઁ)રચના], સંરક્ષણ [સં(વૺઁ)રક્ષણ], સંરેખણ [સં(વૺઁ)રેખણ]
- **શ/ષ** - સંશય [સં(વૺઁ)શય], વંશ [વં(વૺઁ)શ], દંશ [દં(વૺઁ)શ], દંષ્ટ્રા [દં(વૺઁ)ષ્ટ્રા], સંશ્રય [સં(વૺઁ)શ્રય]
- **સ** - કંસ [કં(વૺઁ)સ], સંસાર [સં(વૺઁ)સાર], સંસર્ગ [સં(વૺઁ)સર્ગ]
- **હ** - સંહ [સં(વૺઁ)હ], સંહાર [સં(વૺઁ)હાર], સંહિતા [સં(વૺઁ)હિતા]

### શબ્દના અંતમાં અનુસ્વારયુક્ત અક્ષર પછી આવતા 'ય' થી 'હ' સુધીના ઉદાહરણ-

શબ્દના અંતમાં આવતા અનુસ્વારયુક્ત અક્ષર પછી **'ય'** થી **'હ'** સુધીના અક્ષર આવે તો, અનુસ્વારનો ઉચ્ચાર થાય છે. ઉદા. -

- **ય**- ધર્મ્યામૃતમિદં(યૺઁ) યથોક્તમ્
- **ર**- લોકમિમં(મ્) રવિઃ
- **લ**- તદોત્તમવિદાં(લૺઁ) લો
- **વ** - ધ્યાનં(વૺઁ) વિશિષ્યતે
- **શ/ષ** - ઇદં(મ્) શરીરમ્
- **સ** - એવં(મ્) સતત
- **હ** - ક્ષયં(મ્) હિંસામ્

# વિસર્ગ ઉચ્ચાર નિયમ -

## નિયમ 1: લીટીના (પંક્તિના) અંતમાં આવતા વિસર્ગનો ઉચ્ચાર -

વિસર્ગ હંમેશા સ્વર પછી જ આવે છે. ભગવદ્ગીતામાં, પંક્તિના અંતમાં આવતા વિસર્ગનો ઉચ્ચાર કંઈક **'હ'** જેવો કરવામાં આવે છે, સ્વર અનુસાર તેને બદલીને **હ, હુ, હે, હિ,** વગેરે કરવામાં આવે છે.

### વિસર્ગનો પૂર્વ સ્વર-

- જો **'અ'** હોય તો વિસર્ગનો ઉચ્ચાર **'હ/હા'** જેવો થશે. ઉદા. **સંશયઃ** (**સંશયહ**/**સંશયહા**)
- જો **'આ'** હોય તો વિસર્ગનો ઉચ્ચાર **'હા'** જેવો થશે. ઉદા. **રતાઃ** (**રતાહા**)
- જો **'ઇ', 'ઈ', 'ઐ'** હોય તો વિસર્ગનો ઉચ્ચાર **'હિ'** જેવો થશે. ઉદા. **મતિઃ** (**મતિહિ**), **ધર્મૈઃ** (**ધર્મૈહિ**)
- જો **'ઉ' 'ઊ' 'ઔ'** હોય તો વિસર્ગનો ઉચ્ચાર **'હુ'** જેવો થશે. ઉદા. **કુરુઃ** (**કુરુહુ**)
- જો **'એ'** હોય તો વિસર્ગનો ઉચ્ચાર **'હે'** જેવો થશે. ઉદા. **ભૂમેઃ** (**ભૂમેહે**)
- જો **'ઓ'** હોય તો વિસર્ગનો ઉચ્ચાર **'હો'** જેવો થશે. ઉદા. **માનાપમાનયોઃ** (**માનાપમાનયોહો**)

## નિયમ 2: કંઈક ખાસ અક્ષરો ની પહેલાં આવતા વિસર્ગનો ઉચ્ચાર

બે શબ્દોની વચ્ચે આવતા વિસર્ગનો ઉચ્ચાર એના આગળ આવતા અક્ષર અનુસાર થશે -

- જો વિસર્ગની પછી **'ક્'** અથવા **'ખ્'** એ અક્ષરો આવે તો વિસર્ગનો ઉચ્ચાર કંઇક **'ખ્'** જેવો કરવાનો છે. અહીં એ ધ્યાનમાં રાખવાનું કે **'ખ્'** જેવો ઉચ્ચાર કરવાનો છે, **'ખ્'** નહિ.

  જેમ કે - **મૈત્રઃ કરુણ એવ ચ - મૈત્રઃ (ખ્) કરુણ એવ ચ**
- જો વિસર્ગની પછી **'પ્'** અથવા **'ફ્'** એ અક્ષરો આવે તો વિસર્ગનો ઉચ્ચાર કંઇક **'ફ્'** જેવો કરવાનો છે. અહીં એ ધ્યાનમાં રાખવાનું કે **'ફ્'** જેવો ઉચ્ચાર કરવાનો છે, **'ફ્'** નહિ.

  જેમ કે - **તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યમ્ - તતઃ(ફ્) પદં તત્પરિમાર્ગિતવ્યમ્**
- જો વિસર્ગ પછી **'સ્' 'શ્'** અથવા **'ષ્'** એ અક્ષરો હોય તો એ વિસર્ગનો ઉચ્ચાર અનુક્રમે **'સ્' 'શ્'** અને **'ષ્'** ની જેમ થશે. જેમ કે - **યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ = યો મદ્ભક્તસ્સ મે પ્રિયઃ**

  **ઊર્ધ્વમૂલમધઃ શાખમ્ = ઊર્ધ્વમૂલમધશ્શાખમ્**

  **મનઃ ષષ્ઠાનીન્દ્રિયાણિ = મનષ્ષષ્ઠાનીન્દ્રિયાણિ**

**વિશેષ નિયમ:** જો વિસર્ગની પછી **'ક્ષ'** અક્ષર આવે તો એ વિસર્ગનો ઉચ્ચાર નિયમ-1 પ્રમાણે **'હ' 'હિ' 'હુ' 'હે'** થશે. ઉદા. - **તેજઃક્ષમા = તેજહ ક્ષમા**

# વિસર્ગ સન્ધિ નિયમ

સન્ધિ કરતી વખતે ગીતામાં ઘણી જગ્યાએ વિસર્ગને **ર્, સ્, શ્, ષ્,** વગેરેમાં રૂપાંતરિત કરવામાં આવે છે, આ ફેરફાર વિસર્ગ સન્ધિના નિયમના કારણે છે, જે બહુજ વિસ્તૃત છે, તેથી જ તમને આગળના સ્તરમાં કહેવામાં આવશે. અત્યારે જેમ તમને પીડીએફમાં આપ્યું છે, તેમજ અભ્યાસ કરવાનો છે.

ઉદાહરણ - **બુદ્ધિઃ યો** - **બુદ્ધિર્યો, પરયોપેતાઃ તે** - **પરયોપેતાસ્તે, વૈદૈઃ ચ** - **વૈદૈશ્ચ**

**અહીં એ ધ્યાન રાખવાનું કે વિસર્ગની પછી ઉપરોક્ત અક્ષરો સિવાય કોઈ પણ અક્ષર આવે તો વિસર્ગના ઉચ્ચારના નિયમ-૧ ની પ્રમાણે હ,હુ, હે, હિ થશે.**

## અવગ્રહ(ऽ) –

અવગ્રહ (ऽ) એક ચિહ્ન છે જે સન્ધિના કારણે 'અ'કાર ('અ') ના લોપને દર્શાવે છે. હકીકતમાં એનો કોઈ ખાસ ઉચ્ચાર નથી થતો. ફક્ત, વિગ્રહ કરતી વખતે ભેદ ન થાય એટલા માટે એનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે - **પ્રયાણકાલે+અપિ** - **પ્રયાણકાલેऽપિ**

## આધાત ઉચ્ચાર નિયમ -

- કોઈ જગ્યાએ સંયુક્ત અક્ષર (બે વ્યંજન અક્ષરોની સંધિ) આવે તો તેના પહેલાં આવતા સ્વર ઉપર આઘાત આપવો જોઈએ એટલે કે સંયુક્ત અક્ષર ના પ્રથમ અક્ષરની દ્રુરુક્તિ (બે વાર બોલવું ) કરવી જોઈએ. જ્યાં આઘાત આવે છે ત્યાં સંકેત આપવા માટે પ્રત્યેક શ્લોક માં વર્ણો ઉપર '_' આપેલું છે.
  જેમ કે - **ક્ષ (ક્+ષ), ત્ર (ત્+ર), જ્ઞ (જ્+ઞ), ત્ય (ત્+ય), વ્ય(વ્+ય)** વગેરે સંયુક્ત અક્ષર છે

  ઉદાહરણ - **મવ્યક્તમ્ = મવ્+વ્યક્તમ્ ,** **મે પ્રિયઃ = મેપ્+પ્રિયઃ**

- જો કોઈ વ્યંજન ની સ્વરની સાથે સંધિ થાય તો તે સંયુક્ત અક્ષર નથી બનતો એટલે ત્યાં આઘાત નહિ લાગે. દા.ત. **ઋ** એક સ્વર છે તેથી **'વિસૃજામ્યહમ્'** માં **સૃ = સ્ + ઋ** માં **'સૃ'** ના આગળ આવતા **'વિ'** ઉપર આઘાત નહિ લાગે. સંયુક્ત અક્ષરની પહેલાં આવતા સ્વર પર જ આઘાત (જોર) આપવામાં આવે છે, કોઈ વ્યંજન અનુસ્વાર અથવા વિસર્ગ પર નહિ.

  ઉદાહરણ - **'વાસુદેવં(વઁ) વ્રજપ્રિયમ્'** માં **'વ્ર'** સંયુક્ત અક્ષર હોવા છતાં તેના પહેલાં 'અનુસ્વાર' હોવાના કારણે આઘાત નહિ લાગે.

- કેટલાક સ્થાનો પર સ્વર પછી સંયુક્ત વર્ણ હોવા છતાં પણ અપવાદ હોવાને કારણે આઘાત આપવામાં આવ્યા નથી જેમ કે સંયુક્ત વર્ણ માં :

૧. એક જ વર્ણ બે વાર આવવાથી - મ**ય્યા**વેશ્ય માં **મ** પર, ઉ**ત્તિ**ષ્ઠ માં **ઉ** પર આઘાત આવશે નહીં.

૨. ત્રણ વ્યંજનના સંયુક્ત અક્ષર હોવાથી - ભ**ક્ત્યા** માં **ભ** પર, યે**ન્દ્રિ**ય માં **યે** પર આઘાત આવશે નહીં.

૩. પ્રથમ અક્ષર ઉપર રેફ (ઉપર ર્) કે હકાર આવવાથી - સ**ર્વ**ત્ર માં **સ** પર, ગુ**હ્ય** માં **ગુ** પર આઘાત આવશે નહીં.

**સંસ્કૃત ભાષામાં, અક્ષરોના ઉચ્ચારણ માટે મોંની જુદી જુદી જગ્યાઓનો ઉપયોગ થાય છે. આ ચિત્રમાં, અક્ષરોના ઉચ્ચાર સ્થાનો બતાવવામાં આવ્યા છે. જણાવેલ સ્થાન ની મદદ વડે ઉચ્ચાર કરવાથી, આપણા ઉચ્ચારને શક્ય તેટલું શુદ્ધ બનાવી શકીએ. સંસ્કૃત ભાષા કેટલી વૈજ્ઞાનિક અને સમૃદ્ધ છે એ નીચેની તસ્વીરથી જાણી શકાય છે.**




|| ઇતિ ||


*ગીતા પરિવારના સાહિત્યનો ઉપયોગ અન્ય કોઈ જગ્યાએ કરવા માટે પૂર્વ પરવાનગી જરુરી છે.*

*પરવાનગીના પૂર્ણ પ્રયોજન વિષે અમારો સંપર્ક કરો: consent@learngeeta.com*